સ.શિ.પ. / જુલાઈ ૯૯ / ૭૦૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]** **રવિવાર, ૧૮ જુલાઈ, ૧૯૯૯** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈ પણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** **૨૧**

૧. નટની માયાનું દૃષ્ટાંત અને સિદ્ધાંત.
૨. સર્વ જગતના આધારરૂપ સંત.
૩. હવેલીનું દૃષ્ટાંત.
૪. નારદજી જેવા ગુણવાન હોય ને તેને ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે.
૫. એકાંતિક ધર્મ એકાંતિક થકી જ પમાય છે.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** **૧૫**

૧. 'અને સ્વધર્મ તો હોય ........... અક્ષરધામ તેની પ્રાપ્તિ થતી નથી.'
૨. 'તેમ એ ઇન્દ્રિયો અંતઃકરણને ...... કર્યું કારવ્યું સર્વે વ્યર્થ થઈ જાય.'
૩. 'પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ ....... કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે.'
૪. 'ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે ......... તેટલો તેના સ્નેહમાં ફેર છે.'
૫. 'પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર ....... તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે.'

**(ક) નીચેનામાંથી કોઈ પણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો :** **૪**

૧. ધર્મ મર્યાદા.
૨. અજ્ઞાની.





**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **૫**

૧. સ્વામીએ ક્યાં વચનામૃતો ફરી વંચાવ્યાં ?
૨. ગાયના દૃષ્ટાંતે મહારાજનું સુખ ક્યાંથી આવે છે ?
૩. મુક્તાનંદ સ્વામીમાં એવી મોટપ આવી તેનું કારણ શું ?
૪. ભગવાન નિરંતર રાજી કેમ રહે ?
૫. મોટા સાધુની સમજણ કેવી છે ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગા પૂરો.** **૫**

૧. તે ઉપર ............. વચનામૃત વંચાવીને કહ્યું જે આવો થાય ત્યારે પુરુષોત્તમની સેવામાં રહેવાય છે. (વર.૧૧, ગ.મ.૩૦, અમ.૨)
૨. રામચંદ્ર ને શ્રીકૃષ્ણ તે તો .......... ઠેકાણે છે, તે તો પોતાનું વચન માને તેનું કલ્યાણ કરે. (વાદી, ફૂલવાદી, ગારડી)
૩. જેને જેટલું અજ્ઞાન છે તેટલો ............ થાય છે. (દ્રોહ, કુસંગ, ફેલ)
૪. રાવણની સભામાં ............ પગ રોપ્યો હતો તે કોઈથી ઉપડ્યો નહિ. (હનુમાન, વિભીષણ, અંગદ)
૫. ચંદનને ઠેકાણે ....... છે. (ભરતખંડ, મનુષ્યદેહ, હેમગોપાળની ઝાડી)

**(ક) નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** **૧૦**

૧. ખરેખરા સત્સંગી થવાનો ઉપાય.
૨. ગુણાતીતાનંદ સ્વામીએ કહેલો સ્વમહિમા.
૩. શ્રીજીમહારાજની સર્વોપરીતા.

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવન ચરિત્રના આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** **૨૦**

૧. ભગતજીએ બતાવેલું દિવ્ય ઐશ્વર્ય.
૨. એકાંતિક ધર્મના ધારક ભગતજી મહારાજ.
૩. ભગતજી - વિમુખ છતાં સન્મુખ.

**(બ) નીચેનામાંથી કોઈ પણ બે વિષય પર નોંધ લખો.** **૨૦**

૧. ત્યાગી સંતો ઉપર ભગતજીનો પ્રભાવ.
૨. 'થોરે કેળાં આવ્યા'ની ભગતજીની સાર્થકતા.
૩. શાસ્ત્રીજી મહારાજ - ભગતજી મહારાજની પરસ્પર પ્રીતિ.
૪. ચૂનાની ભઠ્ઠી નિમિત્તે સ્વામીનો જ્ઞાનબોધ.